૩. રોયલ્ટી વસુલાત માટેની કાર્યપધ્ધતિ :

(અ) બાંધકામમાં તેમજ જુના બાંધકામમાં રીપેરીંગ/રીનોવેશનમાં વપરાયેલ ખનિજોની પુરેપુરી રોયલ્ટી મળી રહે તે મુજબની ફોર્મ્યુલા જે તે સરકારી વિભાગે/ખાતાએ પ્રવર્તમાન રોયલ્ટીના દરો ધ્યાને રાખી નાણા વિભાગના પરામર્શમાં નક્કી કરવાની રહેશે અને તેની ઉદ્યોગ અને ખાણ વિભાગને જાણ કરવાની રહેશે.

(બ) સરકારી બાંધકામમાં વપરાતા ગૌણ ખનિજોની રોયલ્ટીની કપાત વખતો વખત ચુકવાતા રનીંગ બીલમાંથી કપાત કરવાની રહેશે.

(ક) પંચાયતો/શહેરી વિકાસ વિભાગ હસ્તકના મ્યુનિસિપલ કોર્પોરેશન/સ્થાનિક સત્તા મંડળો/ નગરપાલિકાઓ ઉપરાંત અન્ય વિભાગો હેઠળના સત્તામંડળો,ઓથોરીટીઓ તથા વિભાગો હેઠળના બોર્ડ/નિગમો હેઠળ હાથ ધરાતા ખાનગી બાંધકામો તેમજ વ્યકિતગત ઈસમો ધ્વારા હાથ ધરાતા ખાનગી બાંધકામના બીલ્ડીંગ પ્લાન મંજુર કરતા પહેલાં એડવાન્સમાં કેટલી રકમ વસુલવી તે સંબંધિત વિભાગોએ નક્કી કરવાની રહેશે.

(ખ) ઉપરોક્ત વસુલાત કરેલ રોયલ્ટીની રકમ નીચેના સદરે સમય મર્યાદામાં સબંધિત વિભાગે જમા કરાવવાની રહેશે :

૦૮૫૩ – નોન ફેરસ માઈનીંગ એન્ડ મેટલર્જીકલ ઈન્ડસ્ટ્રીઝ
૧૦૨ – મીનરલ કન્સેશન ફી, રેન્ટ એન્ડ રોયલ્ટી
૦૧ – રીસીપ્ટ અન્ડર ગુજરાત માઈનોર મીનરલ રૂલ્સ – ૧૯૯૯

૪. બિન અધિકૃત પ્રવૃત્તિ માટે ગુજરાત ગૌણ ખનિજ કન્સેશન નિયમો – ૨૦૧૦ અને ગુજરાત મીનરલ (પ્રીવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ) નિયમો – ૨૦૦૫ તેમજ માઈન્સ એન્ડ મીનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ – ૧૯૫૭ મુજબ જરૂરી કાર્યવાહી સંલગ્ન જીલ્લા ખાણ ખનિજ કચેરીએ હાથ ધરવાની રહેશે.

૫. બાંધકામમાં વપરાતા ગૌણ ખનિજોના પ્રવર્તમાન રોયલ્ટી દર આ ઠરાવ સાથેના પરિશિષ્ટ–૧ માં દર્શાવેલ છે. રાજ્ય સરકાર ધ્વારા ગૌણ ખનિજોના રોયલ્ટી દરોનું જ્યારે જ્યારે રીવીઝન થશે ત્યારે તે મુજબના દરે રોયલ્ટી વસુલ / કપાત કરવાની રહેશે.

૬. રાજ્યમાં વેચાણ / નિકાસ (Dispatch) કરાતા બાંધકામમાં વપરાતા ફકરા–૧ માં દર્શાવેલ ગૌણ ખનિજો ઉપર લીઝ ધારકે પ્રવર્તમાન નિયમો મુજબ ફી રોયલ્ટી પાસ/ડીલીવરી ચલણ નો ઉપયોગ કરવાનો રહેશે.

૭. જે કિસ્સામાં લીઝ ધારકો કે ટ્રેડર્સ / સ્ટોકીસ્ટ રેતી સિવાયના ગૌણ ખનિજો રાજ્ય બહાર વેચાણ / નિકાસ (Dispatch) કરવા ઈચ્છે અથવા રાજ્યમાં ખાનગી કંપનીઓના અન્ય કામોમાં કરવા ઈચ્છે તો તેઓએ કમિશ્નરશ્રી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ અથવા તેઓ નક્કી કરે તે સક્ષમ સત્તાધિકારીની મંજુરી મેળવી એડવાન્સ રોયલ્ટી નિયમોનુસાર ભરી રોયલ્ટી પાસ / ડીલીવરી ચલણ મેળવી વેચાણ / નિકાસ (Dispatch) કરવાનું રહેશે.